# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 02-03-2026** **Evening : 7.10 to 7.20 pm**
**Day : Monday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **યશ્વી મહેતા** વાંચે છે.

---

1) ગયા મહિને રાજ્યને GST હેઠળ સાત હજાર 598 કરોડ રૂપિયાની આવક થઈ

2) 39 કરોડ રૂપિયાથી વધુની સાયબર છેતરપિંડીમાં સંકળાયેલા બે આરોપીની અમદાવાદમાંથી ધરપકડ

3) અમદાવાદ સ્થિત ગુજરાત યુનિવર્સિટી ખાતે રશિયન ભાષા અને સંસ્કૃતિ કેન્દ્રનું ઉદ્ઘાટન કરાયું

4) ગુજરાત શહેરી વિકાસ મિશનને શ્રેષ્ઠ સમુદાય અસર પરિયોજના પુરસ્કારથી સન્માનિત કરાશે

5) સમગ્ર રાજ્યમાં આજે આસ્થાપૂર્વક અને હર્ષોલ્લાસ સાથે હોળી પર્વની ઉજવણી

6) રાષ્ટ્રીય કક્ષાની પેરા ટેબલ ટેનિસ સ્પર્ધામાં ભાવનગરના દિવ્યાંગ દંપતિએ ત્રણ ચંદ્રક જીત્યા

-------------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# GST INCOME

ફેબ્રુઆરી-૨૦૨૬માં રાજ્યને જીએસટી હેઠળ  સાત હજાર ૫૯૮  કરોડ રૂપિયાની  આવક થયેલ છે જે ગત વર્ષના સમાન સમયગાળામાં થયેલ આવક છ હજાર ૩૯૬ કરોડ કરતા ૧૯% ટકા વધુ છે. અત્રે ઊલ્લેખનીય છે કે,  ફેબ્રુઆરી-૨૦૨૬  માં રાષ્ટ્રીય કક્ષાએ જીએસટી આવકનો ગ્રોથ ૮% ટકા રહેલ છે.

રાજ્યને ફેબ્રુઆરી-૨૦૨૬ માં વેટ હેઠળ બ હજાર ૮૩૧ કરોડ,  વિધ્યુત શુલ્ક હેઠળ ૯૦૫ કરોડ અને વ્યવસાય વેરા હેઠળ  ૨૩  કરોડની  આવક થયેલ છે. આમ,  રાજ્ય  કર  વિભાગને જીએસટી,  વેટ,  વિધ્યુત શુલ્ક અને વ્યવસાય વેરા થકી કુલ  ૧૧ હજાર ૩૫૮ કરોડની આવક થયેલી છે.

# GANDHINAGAR CYBER FRAUD

૩૯ કરોડ રૂપિયાથી વધુની સાયબર છેતરપિંડીમાં સંકળાયેલા બે આરોપીની ધરપકડ કરવામાં આવી છે. ગાંધીનગર સાયબર સેન્ટર ઓફ એક્સલન્સની ટીમે આંતરરાજ્ય સાયબર છેતરપિંડીમાં સંકળાયેલા આરોપીઓને અમદાવાદમાંથી પકડી પાડ્યા છે. આરોપીઓએ વેપારીઓના બેંક એકાઉન્ટ ભાડે મેળવી, તેમાં સાયબર છેતરપિંડીના નાણાં હેરફેર કરતાં હતાં. તેમની પાસેથી 11 વધુ બેંક એકાઉન્ટની વિગત મળી આવી હોવાનું સાયબર સેન્ટર ઓફ એક્સલન્સના પોલીસ અધિક્ષક સંજય કેશવાલાએ જણાવ્યું.

**(બાઇટ : સંજય કેશવાલા, SP)**

# RUSSIAN LANGUAGE CENTRE

અમદાવાદ સ્થિત ગુજરાત યુનિવર્સિટી ખાતે આજે રશિયન ભાષા અને સંસ્કૃતિ કેન્દ્રનું ઉદ્ઘાટન કરાયું છે. ભાષા-સાહિત્ય ભવનમાં સ્થિત, આ કેન્દ્ર ભારત અને રશિયા વચ્ચે શૈક્ષણિક સહયોગ અને સાંસ્કૃતિક આદાન-પ્રદાનને પ્રોત્સાહન આપવા માટે સ્થાપિત કરાયું છે. તે રશિયન ભાષા, સાહિત્ય, ઇતિહાસ અને સાંસ્કૃતિક પરંપરાઓના અભ્યાસ માટે સમર્પિત કેન્દ્ર તરીકે કાર્ય કરશે, અને વિદ્યાર્થીઓ, સંશોધકો અને શિક્ષણવિદો માટે ભાષા શિક્ષણ, સાંસ્કૃતિક કાર્યક્રમો, શૈક્ષણિક ચર્ચાઓ અને સહયોગી પહેલ માટે સુવિધાઓ પૂરી પાડશે. રશિયન ફેડરેશનના દૂતાવાસના કાઉન્સેલર, ડૉ. એલેના રેમિઝોવાએ ઉદ્ઘાટનને દ્વિપક્ષીય જોડાણમાં એક મહત્વપૂર્ણ વિકાસ ગણાવ્યો.

# GOVERNOR DANG DARBAR

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે રામાયણનાં દંડકારણ્યનાં ડાંગનો ઉલ્લેખ કરી જિલ્લાના ડાંગ દરબારની ઐતિહાસિક પૃષ્ઠભૂમિનો ઉલ્લેખ કર્યો. આજે ડાંગ દરબારના ઐતિહાસિક મહોત્સવ ઉપસ્થિત રહી રાજ્યપાલે ડાંગના પાંચ રાજવીઓને 67 લાખ 74 હજાર રૂપિયાનું પોલિટિકલ પેન્શન એનાયત કર્યું. આ પ્રસંગે શ્રી દેવવ્રતે જણાવ્યું, ડાંગ દરબારને કારણે દેશની શૂરવીરતા, શૌર્યગાથા અને આદિવાસી ગૌરવને જાણવાનો અવસર પ્રદાન થાય છે.

(બાઇટ : આચાર્ય દેવવ્રત, રાજ્યપાલ)

# GUDM AWARD

નગરપાલિકાઓમાં ગટર માળખાની ડિજિટલ દેખરેખ માટે ગુજરાત શહેરી વિકાસ મિશન-GUDMને શ્રેષ્ઠ સમુદાય અસર પરિયોજના પુરસ્કારથી સન્માનિત કરાશે. શહેરી વિકાસ માટે રાજ્ય સરકારના આયોજનની નોંધ લઇને ઇન્ડિયા વોટર ફાઉન્ડેશન દ્વારા ગુજરાતની 156 નગરપાલિકાઓમાં ગટર માળખાની સફાઈ કામગીરીના નિરીક્ષણ માટે બનાવાયેલા ઇન્ટિગ્રેટેડ કમાન્ડ અને કન્ટ્રોલ સેન્ટર માટે આ પુરસ્કાર આપવાની જાહેરાત કરવામાં આવી છે.

ઇન્ડિયા વોટર ફાઉન્ડેશન દ્વારા 6 અને 7 માર્ચના રોજ નવી દિલ્હી ખાતે યોજાનાર વોટર ટ્રાન્સવર્સાલિટી ગ્લોબલ એવોર્ડ્સ અને કોન્ક્લેવ 2026માં GUDMને આ બહુમાન પ્રાપ્ત થશે. આ સિદ્ધિ ગુજરાતના શહેરી વિકાસના વિઝનને વધુ મજબૂત બનાવશે.

# HOLI CELEBRATION

સમગ્ર રાજ્યમાં આજે આસ્થાપૂર્વક અને હર્ષોલ્લાસ સાથે હોળી પર્વની ઉજવણી કરવામાં આવી રહી છે. ત્યારે આજે અનેક સ્થળોએ હોલિકા દહન પણ કરવામાં આવી રહ્યું છે, આ સાથે હોળી પણ પ્રગટાવવામાં આવી રહી છે. ગાંધીનગરમાં પાલજ ગામમાં આજે આશરે 700 વર્ષની પરંપરા મુજબ સૌથી મોટી હોળી પ્રગટાવવામાં આવી રહી છે. સાંભળીએ એક અહેવાલ..

**(વોઇસ કાસ્ટ : દુર્ગેશ મહેતા)**

વાવ અને થરાદ પંથકમાં પણ લોક સંસ્કૃતિ મુજબ હોળીના ગીતો અને પરંપરાગત પૂજન અર્ચન સાથે આ પર્વ ઉજવવામાં આવી રહ્યો છે. આવતીકાલે મંગળવારે ચંદ્ર ગ્રહણ હોવાથી લોકો બુધવારે એકબીજા પર રંગ ગુલાલ ઉડાડી ધુળેટી ઉજવી ભાઈચારાનો સંદેશ પાઠવશે.

# ARVALLI POLICE BANDOBAST

અરવલ્લી જિલ્લામાં હોળી ધુળેટીના પર્વને લઈને વિવિધ વિસ્તારોમાં પોલિસનો ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. જેમાં રાજસ્થાનને જોડતી ચેકપોસ્ટ સઘન ચેકિંગ કરવામાં આવી રહ્યું છે. આ અંગે નાયબ પોલીસ અધિક્ષક આર. ડી. ડાભીએ વધુ માહિતી આપી.

**(બાઈટ : આર. ડી. ડાભી, Dy.SP)**

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# SURAT PILGRIMS

ઇઝરાયલ અને ઈરાન વચ્ચે વધતા તણાવને કારણે મધ્ય-પૂર્વમાં હવાઈ સેવાઓ પર મોટી અસર પડી છે. સુરક્ષાને ધ્યાનમાં રાખીને ઘણા દેશોએ ઉડાનો પર પ્રતિબંધ મૂકતા સાઉદી અરેબિયા તરફ જતી અને આવતી ફ્લાઇટો રદ કરવામાં આવી છે. જેના પરિણામે સુરત જિલ્લાના 300થી વધુ યાત્રાળુ મક્કા અને મદીના ખાતે અટવાયા છે. પ્રાપ્ત માહિતી મુજબ, મોસાલી, કઠોર, ખોલવડ, કોસંબા, ઓલપાડ, માંગરોળ અને તડકેશ્વર સહિતના વિસ્તારોના લોકો રમઝાન પહેલાં ઉમરાહ માટે ગયા હતા. યાત્રા પૂર્ણ થયા બાદ તેઓ પરત ફરવાના હતા, પરંતુ અચાનક ઉભી થયેલી પરિસ્થિતિને કારણે તેમની વાપસી અટકી ગઈ છે. બીજી તરફ કેન્દ્ર સરકાર પણ ફસાયેલા લોકોને પરત લાવવા સતત પ્રયત્નશીલ છે.

# KUTCH NITI AYOG

નીતિ આયોગના નાયબ સચિવ પૂજા શર્માએ કચ્છ જિલ્લાના રાપર તાલુકાના જાટાવાડા ગામની મુલાકાત લીધી. આ દરમિયાન વિકાસના કાર્યોની સર્વગ્રાહી સમીક્ષા કરવામાં આવી હતી. તેમણે ગામના ચાર આંગણવાડી કેન્દ્રની મુલાકાત લઈ આઇસીડીએસ યોજનાના અમલીકરણ અંગે સંબંધિત જિલ્લા સ્તરના અધિકારી સાથે ચર્ચા કરી હતી. ઉપરાંત જમીન સ્તર પર યોજનાઓનો લાભ પહોંચાડવામાં આવતી મુશ્કેલીઓ અને પડકારો વિશે જાણકારી મેળવી જરૂરી માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું.

# WEATHER

રાજ્યમાં આગામી ત્રણ દિવસમાં તાપમાનમાં 3થી 5 ડિગ્રી વધારાની આગાહી છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર તાપમાનમાં વધારો થતાં રાજ્યના લોકોને ઉકળાટનો અનુભવ થઈ શકે છે. હવામાન વિભાગના નિયામક ડૉ. એ. કે. દાસે જણાવ્યું, કે રાજ્યમાં અપર એર સર્ક્યુલેશન સક્રિય થયું છે. જેના કારણે રાજ્યના વિવિધ વિસ્તારોમાં તાપમાન વધી શકે છે.

(બાઇટ : ડૉ. એ. કે. દાસ, નિયામક)

# HPV – SABARKANTHA

સાબરકાંઠા જિલ્લામાં ગર્ભાશયના મુખના કેન્સર વિરોધી રસીકરણનો આજથી શુભારંભ થયો. જિલ્લામાં કુલ 14 હજાર 155 કિશોરીઓને રસીકરણ કરવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે. જેમાં પ્રથમ તબક્કે 4 હજાર 135 ડોઝ અપાશે. અભિયાનનો આરંભ કરાવતા આરોગ્ય અધિકારી રાજ સુતરીયાએ વધુ માહિતી આપી હતી.

**(બાઇટ : રાજ સુતરીયા)**

# TABLE TENNIS – BHAVNAGAR

ભાવનગરના દિવ્યાંગ દંપતિએ નેશનલ પેરા ટેબલ ટેનિસ ચેમ્પિયનશિપમાં 1 રજત અને 2 કાંસ્ય ચંદ્રક એમ ત્રણ ચંદ્રક જીત્યા છે. ઈન્દોર ખાતે યોજાયેલી આ સ્પર્ધામાં 310 ખેલાડીઓએ ભાગ લીધો હતો , જેમાં શહેરના આંતરરાષ્ટ્રીય પેરા ટેબલ ટેનિસ ખેલાડી અલ્પેશ સુતરીયા જેઓ વિશ્વ ક્રમાંક 11 પર છે અને સંગીતા સુતરીયા જેઓ આંતર રાષ્ટ્રીય ક્રમાંક 28 માં ક્રમ પર રહી ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું હતું. ઉલ્લેખનીય છે કે બંને ખેલાડીઓ આગામી સમયમાં યોજાનાર આંતરરાષ્ટ્રીય પેરા ટેબલ ટેનિસ ટુર્નામેન્ટમાં ભારતનું પ્રતિનિધિત્વ કરશે.

# JUNAGADH PASHU RASIKRAN

જુનાગઢ જિલ્લામાં આજથી ત્રણ લાખથી વધુ પશુઓને ખરવા-મોવાસા રોગ સામે રસીકરણ ઝુંબેશ શરૂ કરવામાં આવી છે. નવ તાલુકામાં 168 ટીમો દ્વારા 3 લાખ 20 હજાર ગાય અને ભેંસને રસી આપવામાં આવશે જેનાથી ખરવા અને મોવાસા સામે પશુઓને રક્ષણ મળશે. જિલ્લા પશુપાલન અધિકારીના જણાવ્યા અનુસાર આ બંને રોગને કારણે પશુઓની દૂધ આપવાની ક્ષમતા અને ગરમી સહન કરવાની શક્તિ પણ ઘટતી હોય છે.